**મહેસાણાના પાલજ ગામે ગુરૂપૂર્ણિમા પ્રસંગે ભંડારો યોજાશે**



# ગ્રામજનોની સંમતીથી આખરે નાની ઈસરોલ પ્રાથમિક શાળાના બંધ તાળા ખોલાયા

મોડાસા, તા. ૧૮ અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના નાની ઈસરોલ ગામે શિક્ષકો બાખડતાં રોષે ભરાયેલા વાલીઓએ પ્રાથમિક શાળાને તાળાબંધી કરતા જિલ્લા પ્રાથમિક શિક્ષણના પ્રમુખ તેમજ કેળવણી નિરીક્ષક સહિતના જિલ્લા-તાલુકા પદાધિકારીઓ-અધિકારીઓ ગામે આવી શનિવારે ગ્રામજનો સાથે બેઠક કરી, કરેલી સમજૂતિ મુજબ આજે સોમવારથી શાળામાં વૈકલ્પિક વ્યવસ્થા કરાતા ગ્રામજનોની સંમતિથી આખરે પ્રાથમિક શાળાના બંધ તાળા ખોલાતા

**બે દિવસથી બંધ શાળા શિક્ષણકાર્યથી ફરી ધમધમતી થઈ : વાલીઓની કાયમી ધોરણે શિક્ષકો મુકવાની માંગ યથાવત**

આજથી રાબેતામુજબ શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.

ગત શનિવારે તાળાબંધી દરમિયાન જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલે ગ્રામજનો સાથે બેઠક યોજી કરેલી સમજૂતિના પગલે આજે આજુબાજુના ગામોની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અહીં વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ હતી. પરંતુ ગ્રામજનો અહી કાયમી ધોરણે અન્યથી શિક્ષકો મુકવા અને અહીના તમામ સ્ટાફની બદલી કરવાની માંગમાં મક્કમ રહેતા એક અઠવાડિયામાં જ આ માંગ સંતોષવા આજે શાળામાં આવેલ તાલુકા પંચાયત પ્રમુખ સોમસિંહ પરમાર, જિલ્લા પંચાયત સદસ્ય શામળસિંહ વગેરે દ્વારા ખાતરી અપાતા આખરે ગ્રામજનોએ આ અગ્રણીઓની સમજાવટથી શાળાના તાળા ખોલવા સંમતિ આપતા વૈકલ્પિક શિક્ષકોથી આજે અહીં શિક્ષણકાર્ય શરૂ થયું હતું.





## અરવલ્લી જિલ્લાની દીકરીઓ દ્વારા ગૌરીવ્રતમાં શિવજીની આરાધના

ભારતીય સંસ્કૃતિમાં વિવિધ પર્વો અને વ્રતોની ઉજવણીનું પારંપરિક મહત્વ સદીઓથી જળવાઈ રહ્યુ છે. ત્યારે તે પર્વો અને વ્રતોની ઉજવણી તથા રીતરીવાજોનું વૈજ્ઞાનિક મહત્વ પણ ધરાવે છે. અષાઢ સુદ એકાદશીથી નાની બાળાઓના ગૌર્યો વ્રતનો આરંભ થાય છે. એટલું જ નહિ ગૌર્યોની કથા પ્રમાણે પાર્વતીજી શંકર ભગવાનને પતિ રૂપે પામવા માટે ગૌર્યો વ્રત કર્યુ હતુ. અરવલ્લી જિલ્લામાં પવિત્ર ગૌરીવ્રતનો પ્રારંભ થતા વહેલી સવારથી જ મંદિરોમાં પૂજન-અર્ચન માટે બાળકીઓની ભારે ભીડ જોવા મળી હતી. જિલ્લાના શિવ મંદિરો બાળકીઓ દ્વારા ભગવાન શિવને રીઝવવા આકરી તપસ્યા કરીને પૂજા-અર્ચના કરતી ઠેર ઠેર નજરે પડતી હતી. શિવાલયોમાં દીકરીઓને ભગવાન શિવની આરાધના કરતા નિહાળવી એ પણ એક અદ્દભુત લ્હાવો છે.



બાયડ તાલુકામાં તા.૧૫-૭-૨૦૧૬ના રોજ ગૌરી વ્રતનો પ્રારંભ થઈ ચુકયો છે. ચાતુમાર્સમાં ભગવાન વિષ્ણુની આરાધના વિશેષ મહિલા રહેલો હોય છે. ગૌરી વ્રત પાંચ દિવસનું હોય છે. આ પુનમના દિવસે વ્રત પૂર્ણ થયા બાદ બાળકીઓને જાગરણ કરવાનું હોય છે.વ્રતના દિવસો દરમિયાન સવારે શંકર ભગવાન અને ગૌરી માતાનું પુજન કરવાનું હોય છે. વાંસની ટોપલીમાં જવારા વાવવામાં આવે છે. તેને પુજન કરવાનો વિશેષ મહિમા હોય છે. પાંચ દિવસ ગૌરી માતાનું પુજન કરીને જ ફળાહાર હોય છે. વ્રત દરમિયાન મીઠું ખાઈ શકાતું નથી. કેટલીક બાળકીઓ એક ટાઈમ જમીને પણ આ વ્રત કરે છે. પાંચ વર્ષ સુધી આ વ્રત કરવાનું હોય છે. પાંચ વર્ષ પુર્ણ થયા બાદ બાળકીઓને ઘરે બોલાવી વ્રતના અંતિમ દિવસે જમાડવા તથા બાળકીને ભેટ આપવામાં આવે છે.

## મહેસાણાના પાલજ ગામે ગુરૂપૂર્ણિમા પ્રસંગે ભંડારો યોજાશે

ગાંધીનગર, તા. ૧૮ મહેસાણા જિલ્લાના પાલજ ગામે ગુરુ અમરપુરીજી જીવન સમાધી ખાતે ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે ગુરૂ પૂજન તથા ભંડારાનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે શ્રી પંચાયતી અખાડા મહાનિર્વાણીના મહંત અને ગાદીપતિ પૂજ્ય ગંગાસાગર ભારતીજી તથા મોક્ષદાન મહારાજ ખાસ ઉપસ્થિત રહી પૂજન કરવામાં આવશે. આ પ્રસંગે હાજર રહી ભંડારા તથા દર્શનનો લાભ લેવા પાલજ ગામના અગ્રણી અને હાલ ગાંધીનગર ખાતે રહેતા એડવોકેટ અશ્વિન ત્રિવેદીએ ધર્મપ્રિય જનતાને આમંત્રણ પાઠવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુરૂ અમરપુરીજીના સમાધી સ્થળે પાણી માત્ર પીવાથી જેરી જીવજંતુનું ઝેર હાલમાં પણ ઉતરી જાય છે. હજારો શ્રદ્ધાળુઆ સ્થળે બાધા પુરી કરવા આવે છે આ પવિત્ર સ્થળની ગાથા તથા ગુરૂ અમરપુરીજીનું જીવન ચરિત્ર જાણીતા ઈતિહાસવિદ સ્વર્ગસ્થ હિરાલાલ ગોંધાણી દ્વારા ગુરૂઅમરપુરી અમર માળા પ્રકાશિત કરેલ જેનું દ્વિતીય કોપીનું પુનઃ પ્રકાશન એડવોકેટ અશ્વિન ત્રિવેદી દ્વારા ગુરૂજી ગંગાસાગરજીના હસ્તે વિમોચન કરવામાં આવશે.



## મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અંબાજીમાં માતાજીના દર્શન કર્યા

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે શિક્ષણ તથા અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો વિભાગના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ભક્તિભાવપૂર્વ માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. મંત્રીએ સવારની આરતીમાં માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગુજરાતમાં અને દેશભરમાં સરસ વરસાદ થાય અને પ્રજાની સુખસમૃદ્ધિ વધે તથા દેશમાંથી આતંકવાદી પરીબળોનો નાશ થાય તે માટે મંત્રીએ માતાજીને પ્રાર્થના કરી હતી. ગુરૂપૂર્ણિમા પ્રસંગે હરિદ્વાર મુકામે આવેલ ભારત માતા મંદિરના પૂજ્ય સંતશ્રી સત્યમિત્રાનંદજી અહીં અંબાજી ઉપસ્થિત છે ત્યારે મંત્રીએ સંતશ્રી સત્યમિત્રાનંદજીને મળી શુભેચ્છાઓ પાઠવી હતી.

## રામાયણ ગામે સામાન્ય બાબતે ઝઘડો થતાં બે વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના રામાયણ ગામે ગત તા.૧૦જુલાઈના રોજ દિનેશભાઈ બેચરભાઈ ડાભીએ ભાડે રાખેલ જમીનમાં પથ્થર વીણતા હતા ત્યારે રામાયણ ગામના ભીખાજી ગલાજી ઠાકરડા અને લાલોડા ગામના બાલાજી જેહાજી ઠાકરડાએ આવી દિનેશભાઈને પથ્થર વીણતા અટકાવી ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી ઈજા પહોંચાડી હતી.

## કંપની સમાચાર

### એમવી ઓગષ્ટાનો ગુજરાતમાં પ્રવેશ

એમવી ઓગષ્ટા ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ શનિવારે અમદાવાદમાં એક્સક્લુઝિવ શૉ રૂમ સાથે ગુજરાતના બજારમાં ધમાકાભેર પ્રવેશ કર્યો છે. કંપની વિશ્વના સૌથી પ્રમિયમ હાઈ-પરફોર્મન્સ સુપરબાઈક બનાવતી ઈટાલીયન કંપની એમવી ઓગસ્ટાની એક્સક્લુઝિવ પાર્ટનર છે. કંપની તેના સુપરબાઈક્સની રેન્જ એફ-૪, એફ-૩ અને બુટલ ૧૦૯૦ બજારમાં મુકી છે. જે અમદાવાદમાં તેની બીજી મોટરોયાલ ડીલરશીપ ખાતે ઉપલબ્ધ થશે. મોટરોયાલ એ કાઈનેટિક ગ્રુપની વૈભવી મોટરસાઈકલ સ્ટોર્સની ચેઈન છે, જે વિશ્વની ટોચની ટુ-વ્હીલર બ્રાન્ડની બાઈક્સ સોર્સ કરીને તેનું વેચાણ કરે છે. એમવીઓગસ્ટા-અમદાવાદ તરીકે આ શોરૂમ કાર્યરત બનશે.

આ લોન્ચિંગ પ્રસંગે એમવી ઓગસ્ટા ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર આર્જિક્ય ફિરોદિયાએ કહ્યું હતું કે 'ભારતમાં બીજા વર્લ્ડ ક્લાસ શૉરૂમનું અમદાવાદમાં ઉદ્‌ઘાટન કરતા હું ખૂબ જ ખુશ છુ. ગુજરાતે હંમેશા તમામ નવા પ્રોડક્ટ ઈનોવેશનને આવકાર્યુ છે અને તે વર્ષો પહેલાં કાઈનેટિક લ્યુના અને કાઈનેટિક હોન્ડા માટે અગ્રેસર બજાર રહ્યું હતું. હવે તે ભારતમાં સુપરબાઈક્સનું સૌથી અગત્યનું બજાર બની ગયું છે. એમવીઓગષ્ટા દેશમાં સૌથી પ્રીમિયમ મોટરસાઈકલ બ્રાન્ડ છે અને ઈનલાઈન ૪ સિલીન્ડર તથા ઈનલાઈન ૩ સિલીન્ડર એન્જિન સાથેના ૨૦૦ બીએચપી પાવરના બાઈકલ ઉપલબ્ધ કરાવે છે. ૧૦૦ ટકા ઈટાલીયન એવા બાઈક મેસિમો તામ્બુરિની જેવા લેજન્ડસ દ્વારા ડિઝાઈન કરવામાં આવેલા છે અને તેને ભારતમાં જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે.

### સ્ટેર્સ અને જીએસએફએ રાજયમાં ફૂટબોલ પ્રતિભાશોધ આરંભાશે

સોસાયટી ફોર ટ્રાન્સફોર્મેશન, ઈન્કલુઝીવનેસ એન્ડ રેકગ્નીઝન થ્રુ સ્પોર્ટસ (સ્ટેર્સ) અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (જીએસએફએ) દ્વારા રાજયમાં સંયુક્તપણે ફૂટબોલ કલ્ચર વિકસાવવાના કરાર કરવામાં આવ્યા છે. આ સંસ્થાઓ દ્વારા સંયુક્તપણે સ્ટેર્સ સ્કૂલ ફૂટબોલ લીગ (એસએસએફએલ) રાજ્યમાં યોજવામાં આવશે. આ સંયુક્ત જોડાણનો હેતુ આશાસ્પદ ખેલાડીઓ માટે ફૂટબોલની તકોનું નિર્માણ કરવાનું અને રાજ્યમાં ફૂટબોલ કલ્ચરને વિકસાવીને આવા ખેલાડીઓને આગળના સ્તરે લઈ જવાનું છે. આ સંસ્થાઓ દ્વારા ગુજરાતનાં પ્રત્યેક જિલ્લાઓમાં એસએસએફએલનું આયોજન કરવાનું વિચારવામાં આવ્યું છે. ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (જીએસએફએ)નાં સેક્રેટરી ગુલાબ ચૌહાણના જણાવ્યા અનુસાર 'અમને તે વાતની ખુશી છે કે સ્ટેર્સ દ્વારા એસએસએફએલને ગુજરાતમાં રજૂ કરીને છેવાડાનાં સ્તરથી આશાસ્પદ ફૂટબોલ ખેલાડીઓને શોધીને તેમને તક પુરી પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્ટેર્સ ફાઉન્ડેશનનાં સ્થાપક અને સેક્રેટરી જનરલ સિદ્ધાર્થ ઉપાધ્યાયે જણાવ્યું કે, 'ગયા વર્ષે અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓમાં એસએસએફએલનું આયોજન કર્યું હતું. તેમાં અમને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદથી અમે પ્રેરાયા છીએ અને અમે આ લીગને પ્રત્યેક જિલ્લામાં શક્ય હોય તો લઈ જવા ધારીએ છીએ.

### અમૂલના અદ્યતન આઈસ્ક્રીમ પ્લાન્ટનો રોહતકમાં પ્રારંભ

અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને ડેરી પ્રોડક્ટ્સનું માર્કેટીંગ કરતી ભારતની ફૂડ પ્રોડક્ટ્સનું માર્કેટીંગ કરતી સૌથી મોટી સંસ્થા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિમિટેડે, હરિયાણામાં રોહતક ખાતે અદ્યતન આઈસ્ક્રીમ પ્લાન્ટનો પ્રારંભ કર્યો છે. આ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિમિટેડના ચેરમેન અને સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ, હિંમતનગરના પણ ચેરમેન જેઠાભાઈ પી. પટેલે કર્યું હતું. અમૂલ આઈસ્ક્રીમ સેગમેન્ટમાં ૪૦ ટકા બજાર હિસ્સો ધરાવે છે. (જે તેમના નજીકના હરિફ કરતાં ત્રણ ગણો છે. અને ભારતના ખૂણે ખૂણે આવેલા ૧૬૦૦ શહેરમાં વેચાણ દ્વારા તે દેશભરમાં હાજરી ધરાવે છે. આટલા મોટા ભૌગોલિક વિસ્તારની માંગ ભારતની કોઈ બ્રાન્ડ પુરી પાડી શકી નથી. આ રીતે અમૂલ 'ભારતની સૌથી મોટી આઈસ્ક્રીમ બ્રાન્ડ' બની છે.

### મહિલા દૂધ ઉત્પાદક... ● ત્રીજા પાનાનું ચાલુ

જાણે છે. દૂધ મંડળીનું સંચાલન આઠ વર્ષ અગાઉ તેમના હાથમાં આવ્યું ત્યારે મહિલાઓને પડતી તકલીફો અને પશુપાલનની પ્રવૃત્તિની મહત્વની બાબતો પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જેના થકી છેલ્લા થોડાક વર્ષોમાં આ મહિલા દૂધ ઉત્પાદક મંડળીમાં લોકોને દૂધ ભરાવવાનું આકર્ષણ પણ વધ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં મહિલા ડેરી વિષયક યોજનાઓ અંતર્ગત અનેક સહાય આપવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૧૪-૧૫માં પેથાપુર, દેવીતપુરા, ગોબરપુરા, મોમાઈપુરા અને ચામુંડાનગર ગામની મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધઘર બનાવવા માટે પ્રત્યેકને ૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી છે. તેમજ છેલ્લા બે વર્ષમાં જિલ્લાના ૧૮ ગામોને ઓટોમેટીક મિલ્ક કલેક્શન સીસ્ટમ માટે પ્રત્યેકને ૮૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવી છે. તે ઉપરાંત બે વર્ષમાં બલ્ક મિલ્ક કુલર માટે રૂપિયા ૫,૪૦,૧૭૦ સહાય જિલ્લાના ૬ ગામોને આપવામાં આવી છે.

### સ્થાયી સમિતિની બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાળવવામાં આવ્યા છે તેના રક્ષણ માટે કમ્પાઉન્ડ વોલ બનાવવા બાબતે પણ નિર્ણય લેવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બગીચાઓના અપગ્રેડેશન માટે પણ આ બેઠકમાં વિશેષ ચર્ચાઓ થવાની શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે. જેમાં ઉદ્યાનોમાં સુવિધાઓ ઉમેરવા તેમજ પર્યાવરણીય જાગૃતિ લોકોમાં વધે તેવી બાબતો પર વિશેષ ભાર મુકાશે.

### ખરા ઉતર્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાષ્ટ્રીય સ્પર્ધા માટેની દરખાસ્ત પણ મોકલી આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. રાજ્યકક્ષાએ પસંદગીમાં ઉત્તીર્ણ થયેલા કેન્દ્રોમાં પુંધરા, ઈટાદરા, મોટી આદરજ, બહિયલ, પાનસર, રાંચરડા, ડભોડાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દહેગામ સામુહિક આરોગ્યની પણ પસંદગી થતાં તેને રૂ. એક લાખનું પારિતોષિક અપાશે. તાજેતરમાં જિલ્લા હેલ્થ મિશનની ગર્વનીંગ બોડીની મળેલ બેઠકમાં આ પરિણામની વિગતો અપાઈ હતી. રાજ્યકક્ષાએ પસંદગી પામી ઉત્તીર્ણ થયેલા પ્રા.આ. કેન્દ્રો અને દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્રને આગામી ૧૫ ઓગષ્ટે ધ્વજવંદન સમારોહ બાદ મંત્રીના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવશે.

દરમિયાન મળતી વિગતો પ્રમાણે જિલ્લા આરોગ્યતંત્રએ આ વર્ષે વધુ ૧૦ પ્રા.આ. કેન્દ્રો અને એક સામુહિક આરોગ્ય કેન્દ્રની પણ દરખાસ્ત આ સ્પર્ધા માટે મોકલવાનો નિર્ણય કર્યો છે. જેમાં મહુડી, વરસોડા, સોજા, સઈજ, કડાદરા, ઉવારસદ, રૂપાલ, સાણોદા, છાલા અને રખિયાલ આરોગ્ય કેન્દ્રનો સમાવેશ થાય છે. જ્યારે સામુહિક આરોગ્ય કેન્દ્ર કેટેગરીમાં નારદીપુરની દરખાસ્ત મોકલવામાં આવશે. જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથેસાથે ગુણવત્તાસભર સેવાઓ બનાવવા માટે આરોગ્ય તંત્રએ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આ વખતે જિલ્લામાંથી પાંચ જેટલા આરોગ્ય કેન્દ્રોને એન.એ.બી.એચ.ના પ્રમાણપત્ર મેળવવા માટેની દરખાસ્ત પણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

### અજવાળું પથરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેટલા પોલ્સ લગાવી દેવાયા છે. જયારે અન્ય ૫૦૦ ઠેકાણે પણ લાઈટો ફીટ કરવામાં આવશે. રિલાયન્સ ચોકડી થી ઉર્જાનગર તેમજ સરાગાસણ થી ક રોડના વિસ્તારમાં રાંદેસણ કોબા ગ્રામ પંચાયત વિસ્તાર તેમજ વાવાલે કોલવડા પેથાપુર સહીતના વિસ્તારમાં એલ ઈ ડી લાઈટનુ કામ હાથ ધરાશે. એલ ઈ ડી લાઈટની કામગીરી અન્વયે ગ્રામપંચાયત કક્ષાએથી પણ ગુડને સારો પ્રતિસાદ મળી રહયો છે. ત્યારે ગ્રામ પંચાયત કક્ષાએથી જો બીલની ચુકવણી સ્વીકારવામાં આવશે તો ગુડા દ્વારા એલ ઈ ડી લાઈટ લગાવી દેવાની પણ તૈયારી દર્શાવામાં આવી છે. ટુંકમાં ગુડા વિસ્તારમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાશે.

### મંજુરીની મહોર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોલ નજીક મુકવામાં આવે છે તે હવે બહાર પાર્ક કરવા પડશે. જિલ્લા પંચાયતની કારોબારી સમિતિમાં કેટલુક નવુ ફર્નિચર અધિકારીઓ માટે ખરીદવાની બાબતે પણ નિર્ણય લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

બપોરે ૧.૩૦ કલાકે મળનારી આ બેઠકમાં વહીવટીય પ્રક્રિયાનું ભારણ વધુ હોવાનું પંચાયતના સૂત્રોએ જણાવ્યુ છે. આ બેઠકમાં ખર્ચ નિયંત્રણ બાબતે પણ ચર્ચાઓ થશે આ ઉપરાંત પંચાયતમાં કેટલીક નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના મુદ્દે પણ ચર્ચાઓ થાય તેવી શકયતાઓ છે.

### વૃક્ષો ભયજનક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ દરમિયાન પવન અને વરસાદના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ વૃક્ષોની ડાળીઓ તુટી પડતા સેકટરવાસીઓમાં ભયની લાગણી વ્યાપી હતી. આ વખતે પણ વનતંત્ર દ્વારા શહેરમાં ચોમાસા પુર્વે વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ નથી. જેના પરિણામે સેકટરોના આંતરિક વિસ્તારમાં તેમજ મુખ્ય માર્ગો આસપાસ સ્થિત વૃક્ષો પૈકી નમી ગયેલી હાલતમાં પણ વૃક્ષો જોખમી બન્યા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. વરસાદની સાથે પવનનુ જોર વધતા જ શહેરમાં અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થતા હોવાના બનાવો ધ્યાને આવે છે. કેટલાક ઠેકાણે વૃક્ષો નમી ગયેલી હાલતમાં જોવા મળી રહયા છે. ત્યારે શહેરીજનો માટે નમી પડેલા વૃક્ષોના લીધે ભય પ્રવર્તયો છે. વૃક્ષોનુ ટ્રીમીંગ પણ ન થતા સેકટરવાસીઓ માટે અનેક સમસ્યાઓ સર્જાઈ છે. સેકટરોમાં નમી પડેલા વૃક્ષોના લીધે સ્ટ્રીટ લાઈટનુ અજવાળુ પણ પડતુ નથી. બીજીતરફ આ વૃક્ષો ગમે ત્યારે વરસાદી દિવસોમાં આકર્ષણનુ કેન્દ્ર બને તેવી દહેશત પ્રબળ બની છે.

### કાર્યવાહી કરો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહોંચી છે. જેના પરિણામે સમાજને બદનામ કરવાની આ હરકતના લીધે બ્રહ્મસમાજમાં આક્રોશ ભભુકયો છે.ગુજરાત બ્રહ્મસમાજના મહામંત્રી અશ્વિન ત્રિવેદી દ્વારા પણ સે-૭ પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ પણ આપવામાં આવી હતી. સંગીતા ચાંડયાની આ ટીપ્પણીનો વીડીયો વાઈરલ થતા બ્રહ્મસમાજના આગેવાનોમાં આક્રોશ પ્રવર્તયો છે. સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષ જોષી મહામંત્રી અશ્વિન ત્રિવેદીના જણાંવ્યા મુજબ આ મામલે આજે બ્રાહ્મણ આગેવાનોએ ડી જી પી ને રજુઆત કરી જવાબદાર મહીલા સંગીતા ચાંડપા સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હતી. જયારે આ વિડીયો વાઈરલ કરનાર તત્વો સામે પણ પગલા લેવા જણાંવાયુ હતુ. આ મામલે કોઈ કાર્યવાહી નહીં થાય તો બ્રહ્મસમાજ દ્વારા વિવિધ કાર્યક્રમો આપવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

### વાહનચાલકો પરેશાન... ● ત્રીજા પાનાનું ચાલુ

હોવાથી પશુ માલિકો પશુઓને રખડતા મુકી દે છે જેને અનુલક્ષી પશુઓ માર્ગ વચ્ચે તેમજ ડીવાઈડર પર પોતાનો રહેણાક એરીયા બનાવતા હોય છે. શહેરના માર્ગો પર નડતરરુપ બેસતા હોવાથી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે તેમજ જીવલેણ અકસ્માતો પણ સર્જાય છે. તંત્ર દ્વારા આવા નડતરરુપ ઢોરને પકડી યોગ્ય કાર્યવાહી કરવા નાગરીકોએ અનેકવાર રજુઆત કરી છે. છતા યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવતા યોગ્ય કાર્યવાહી ક્યારે થશે તેની રાહ નાગરીકો જાઈ રહ્યા છે. જયારે સ્વસ્છ અને સુંદર નગરને ઢોરના ત્રાસમાંથી મુકત કરવા નાગરીકો હાંકલ કરી રહ્યા છે.

### એન્ટ્રી નહીં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપ્રીમ કોર્ટે બીસીસીઆઈમાં માળખાગત સુધારાઓને લઈને જસ્ટિસ આરએમ લોધા સમિતિની ભલામણોને સ્વીકારી લીધી છે. ચીફ જસ્ટિસ ઠાકુર અને કાલીખુલાની બનેલી બેંચે આશરે ડઝન જેટલી અરજી ઉપર સુનાવણી કર્યા બાદ ૩૦મી જૂનના દિવસે ચુકાદો અનામત રાખ્યો હતો. આ વર્ષે માર્ચ મહિનામાં થયેલી સુનાવણી દરમિયાન બીસીસીઆઈએ સમિતિની કેટલીક ભલામણોને લાગૂ કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. આ ભલામણોમાં એક રાજ્ય એક વોટ, હોદ્દેદારોની વય અને અવધિ પર પ્રતિબંધ ઉપરાંત બોર્ડમાં સીએનજીના એક પ્રતિનિધિ હોવાની બાબતનો સમાવેશ થાય છે. લોધા કમિટિએ ચોથી જાન્યુઆરીના દિવસે બીસીસીઆઈ વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારોની ભલામણ કરી હતી. લોધા કમિટિની ભલામણોને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચર્ચા ચાલી રહી હતી. સુપ્રીમ કોર્ટે આજે આદેશ આપતા કહ્યું હતું કે, કેગ દ્વારા નિમવામાં આવેલી વ્યક્તિ તેના ફંડ ઉપર નજર રાખવા બીસીસીઆઈના ભાગરુપે રહેશે.

### કામ નાપાક છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે. તેમને વાસ્તવિકતાથી વાકેફ કરવામાં આવશે. મોદી જ્યારે વિદેશ પ્રવાશે હતા ત્યારે તેઓએ તેમને ફોન કર્યા ન હતા પરંતુ મોદીએ કાશ્મીરની સ્થિતિ અંગે તે વખતે પણ માહિતી મેળવી હતી. સર્વપક્ષીય મિટિંગની માંગ પણ થઈ રહી છે. મહત્તમ સંયમ રાખવા કાશ્મીરમાં સુરક્ષા દળોને કહેવામાં આવ્યું છે. આગામી દિવસોમાં મોનસુન સત્ર દરમિાન જમ્મુ કાશ્મીરમાં જારી હિંસા, ત્રાસવાદી ગતિવિધીમાં વધારો, આસમાને પહોંચી ગયેલી મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને અન્ય તમામ મુદ્દા પર પણ રજૂઆત કરવામાં આવનાર છે. અગાઉ આજે સવારે સંસદના મોનસુન સત્રની શરૂઆત થઈ હતી. પ્રથમ દિવસે સ્વર્ગસ્થ સાંસદ દલપતસિંહને શ્રદ્ધાંજલિ આપવામાં આવ્યા બાદ લોકસભાની કાર્યવાહીને દિવસભર માટે મોકુફ કરી દેવામાં આવી હતી.

### પ્રશ્નો કર્યા નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસ સંસદીય પાર્ટીના નેતા મલ્લિકાર્જુન ખડગે દ્વારા ૧૬મી લોકસભામાં ૧૨૮ પ્રશ્નો કરવામાં આવ્યા છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા સુપ્રિયા સુલે દ્વારા સંસદમાં સૌથી વધુ પ્રશ્નો પુછવામાં આવ્યા છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, એનડીએ સરકારના ઘટક પક્ષ શિવસેનાએ પણ મહત્તમ પ્રશ્નો પુછ્યા છે. ૧૬મી લોકસભામાં સરકારને પ્રશ્ન કરનાર ૧૦ સાંસદો પૈકીના નવ મહારાષ્ટ્રના રહ્યા હોવાની રસપ્રદ બાબત પણ સપાટી ઉપર આવી છે. ભાજપના પીઢ નેતા અને પૂર્વ નાયબ વડાપ્રધાન એલકે અડવાણીએ પણ ૧૬મી લોકસભામાં કોઈ પ્રશ્નો પુછ્યા નથી. મોટાભાગના પ્રશ્નોના જવાબ માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા આપવામાં આવ્યા છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંસદના મોનસુન સત્ર પહેલા તમામ રાજકીય પક્ષો સાથે વાતચીત કરી ચુક્યા છે. મોદીએ એમ પણ કહ્યું છે કે, સંસદ સત્રમાં તમામ વિવાદોનો ઉકેલ આવશે. મોનસુન સત્ર હવે ૧૨મી ઓગસ્ટ સુધી ચાલનાર છે. જીએસટી બિલને પસાર કરવાને લઈને તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. કોંગ્રેસ પાર્ટીના ટેકાની માંગણી પણ ભાજપ દ્વારા કરવામાં આવી છે.

### આપઘાતનો પ્રયાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જે.રાઠોડ અને ભરત બી સોલંકીએ પણ ઝેર પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પોલીસે રોકવા છતાં પાંચેયએ ઝેર પી લીધું હતું. પોલીસે તાત્કાલિક ૧૦૮ને બોલાવી પાંચેયને સરકારી હોસ્પિટલ સારવાર હેઠળ ખસેડ્યા હતા. હોસ્પિટલ બહાર પણ લોકોના ટોળાં ઉમટી પડ્યા છે. રાજકોટમાં પણ આજે દલિતો રેલી કાઢી કલેકટરને આવેદન આપવાના હોવાથી કલેકટર કચેરીએ પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ગોંડલમાં પાંચ યુવકોએ ઝેર પીધા બાદ બપોર પછી જામકંડોરણામાં વધુ બે યુવકોએ સ્મશાનમાં ઝેર પી લેતા સારવાર માટે ગોંડલ સરકારી હોસ્પિટલે ખસેડયા હતા. પરંતુ ગંભીર જણાતા વધુ સારવાર માટે રાજકોટ હોસ્પિટલ ખસેડાયા છે. દલિતો ઉપર અત્યાચારના વિરોધમાં જોરદાર વિરોધ પ્રદર્શન દરમિયાન સંઘર્ષની સ્થિતિ સર્જાઈ હતી જેમાં કેટલાકને ઈજા થઈ હતી.

### કસૂરવાર તમામ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તદઅનુસાર આ સમગ્ર બનાવની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપવામાં આવી છે. ૬૦ દિવસમાં ચાર્જશીટ રજુ કરી ડેઝીગ્નેટેડ કોર્ટમાં આ કેસ ચલાવવામાં આવશે તેમજ આ કેસ સંદર્ભે સ્પેશ્યલ પ્રોસીક્યુટરની નિમણૂંક પણ કરાશે. રાજય સરકારે તમામ અસરગ્રસ્તોની સારવારનો ખર્ચ ઉઠાવવાનો પણ નિર્ણય કર્યો છે. મંત્રીએ જણાવ્યું છે કે, રાજયના કોઈપણ સ્થળે જ્યારે દલિત સમાજ ઉપર અત્યાચારો થયા છે ત્યારે રાજય સરકારે તેની સામે કડક કાર્યવાહી કરી દોષિતો સામે કડકમાં કડક પગલા લીધા છે, ખાસ કરીને આ કેસમાં જ્યારે મુખ્યમંત્રી કક્ષાએથી સીધા આદેશો થયા છે ત્યારે દલિત સમાજ સહિત સૌ કોઈને શાંતિ અને સંયમ જાળવવા માટે મંત્રી રમણલાલ વોરાએ અપીલ કરી છે.